# ગાંધીનગર બજેટથી ખુશ-ખુશાલ

ગાંધીનગર તા ૧

આજે કેન્દ્ર સરકારે રજુ કરેલા અંદાજપત્ર અન્વયે નગરના વિવિધ વર્ગોમાં મહદઅંશે હર્ષની લાગણી વ્યાપી હોવાના પ્રતિભાવો સાંપડયા છે.જો કે આ બજેટને ચુંટણી લક્ષી પણ લેખાવામાં આવી રહ્યુ છે. ત્યારે પગારદાર વર્ગ તેમજ ખેડુતો માટે અંદાજપત્ર ફેવરેબલ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. કરમુકિતની આવકમાં વધારો તેમજ સ્ટાન્ડર્ડ ડિડકશનની મર્યાદામાં પણ સુધાર કરવામાં આવ્યો હોવાથી બજેટની પ્રસંશા પણ થઈ રહી છે. વેપારીઓ માટે બજેટમાં કાંઇ વિશેષ ફાયદારૂપ ન હોવાનુ પણ જણાંવામાં આવી રહ્યુ છે. બીજીતરફ કોંગી આગેવાનો અંદાજપત્રને જુમલા બજેટ હોવાનુ પણ જણાંવી રહ્યા છે.



પગારદાર અને મધ્યમવર્ગ માટે ખુબ જ લાભદાયી બજેટ છે. જેમાં ૫ લાખ સુધી કોઇ ટેક્ષ નહીં કે રીટર્ન નહીં. જો કે ૫ લાખથી વધુ આવક હોય તેના માટે કોઈ ફાયદો નથી. જયારે પગારદાર વર્ગને રૂ ૪૦ હજારના સ્ટાન્ડર્ડ ડીડકશનની મર્યાદા પણ વધારીને ૫૦ હજારની કરવામાં આવી છે. આમ આ બજેટ મધ્મવર્ગલક્ષી તેમજ ખેડુતલક્ષી કહી શકાય

**બ્રિજેશ ઠાકર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**



પગારદાર વર્ગ માટે સારુ છે. ઈન્કમટેક્ષની દ્રષ્ટીએ પગારદારો માટે સારુ બજેટ કહી શકાય. ખેડુતો માટે પણ બજેટ ઉત્તમ છે. પગારદાર વર્ગ માટે લાભદાયી છે. પગારની આવકમાં થતી કપાતની દ્રષ્ટીએ લાભદાયી છે અલબત્ત રૂ ૫ લાખની ટેક્ષબલ આવક હોય તેને ટેક્ષ ભરવો નહીં પડે જયારે ખેડુતો માટે પણ લોન માફી નથી પરંતુ બજેટ સારુ કહી શકાય તેવુ છે.

**હિતેન્દ્ર ઉપાધ્યાય, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**



સતત જુમલાઓથી ચાલતી આ સરકારનુ અંતિમ જુમલા બજેટ છે. એકબાજુ રૂ ૫ લાખ સુધી ટેક્ષ સ્લેબની મર્યાદા વધારી છે. બીજીબાજુ ૨.૫૦ લાખનો સ્લેબ ગણાશે. શિક્ષિત બેરોજગારો માટે કોઈ આયોજન નથી. પ્લાસ્ટ ઈન્ડિયા,સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા જેવા સુશોભિત વાકયોથી જુમલા કરનાર સરકારના રાજમાં છેલ્લા ૪૫ વર્ષમાં ન જોઈ હોય તેવી બેરોજગારીનો રેકર્ડબ્રેક થયો છે.

**નિશિત વ્યાસ,**
**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી**



બજેટમાં આયુષમાન ભારત હેલ્થ વેલનેસ સેન્ટર નેશનલ હેલ્થ મિશન સહીત આરોગ્ય લક્ષી બાબતોનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે. આરોગ્યપ્રદ સેવાઓ માટે લાભદાયી અને ઉપયોગી બજેટ છે. લાઈફ ટાઈમ ડીસીઝ ધરાવતા દર્દીઓ માટે પણ જોગવાઈ છે. જયારે માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુને ધ્યાને લઈ ને પણ ટ્રોમા માં દર્દી ન મરે તે માટે આયોજન કરાયુ છે. આગામી વર્ષ ૨૦૨૨ સુધી પી એચ સી અને સી એચ સી સેન્ટરને હેલ્થ અને વેલનેસ સેન્ટરમાં રૂપાંતરિત કરવામાં આવશે.

**ડો તેજલ દલાલ, આંખના સર્જન**



મધ્યમવર્ગ અને કરચુકવનારાઓ માટે અત્યંત શ્રેષ્ઠ બજેટ છે. નવા બજેટ અનુસાર રૂ ૫ લાખ સુધી કોઈ ટેક્ષ ચુકવાનો નથી. જયારે રૂ ૧.૫૦ લાખના નવા રોકાણો સુધી પણ ટેક્ષ નહીં અલબત્ત રૂ ૬.૫૦ લાખ સુધી ટેક્ષમાં રાહત મળે છે. બધાને અનુકુળ હોય તેવા બજેટથી પારદર્શકતા વધશે. નાના વેપારીઓમાં પણ ખુશીની લહેર વ્યાપી છે. જયારે રૂ ૪૦ લાખ સુધીના ટર્ન ઓવરમાં જી એસ ટી ભરવાની પણ અનિવાર્યતા નથી.

**મહેન્દ્ર દાસ, શહેર ભાજપ પ્રમુખ**




આજનુ બજેટ ખેડુતલક્ષી અને કર્મચારીલક્ષી છે. જેમાં ખેડુતોને પણ દરવર્ષે રૂ ૬ હજારનો આર્થિક ટેકો મળશે. જયારે સાતમુ પગારપંચ આવ્યુ છે જેમાં ૨.૫૦ લાખની મર્યાદા રૂ ૫ લાખની કરી છે. વ્યાજની રૂ ૧૦ હજારની રકમમાં ટી ડી એસ લાગતો હતો જેમાં રૂ ૪૦ હજારની મર્યાદા કરી જેનાથી કર્મચારીઓને ફાયદો થશે. અંદાજપત્ર મધ્યવર્ગ માટે અચ્છેદિન લાવવાવાળું છે. ખાસ કરીને નોકરીયાત વર્ગને લાભકર્તા નિવડશે.

**કાર્તિક પટેલ, કોર્પોરેટર વોર્ડ નં ૬**



ઈન્કમટેક્ષમાં સ્લેબ વધારી રૂ ૫ લાખ કર્યો છે. જયારે ગ્રેજયુઈટીની મર્યાદા પણ વધારી રૂ ૨૦ લાખ કરી છે તેને કર્મચારી મહામંડળ આવકારે છે. પરંતુ કેન્દ્રના ધોરણે પ્રશ્નો ઉકેલવાની પણ સંકલન સમિતિની માંગ છે. સાતમાં પગારપંચ સહીત ફિકસ પગારને અનુલક્ષીને પુરતુ વેતન આપવાની પણ પ્રબળ માંગણી છે. આ આમ જોવા જઈએ તો ચુંટણીલક્ષી બજેટ છે.

**વિષ્ણુભાઈ પટેલ, પ્રમુખ**
**ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ**



બજેટ એકંદરે સારુ છે. પગારદારો અને ખેડુતો માટે ઉત્તમ છે. વેપારીઓને વિશેષ ફાયદો નથી પણ નુકશાન પણ નથી. વેપારીઓને ટેક્ષમાં અમુક છુટ આપી છે. વેપારીવર્ગનો અનુલક્ષીને બજેટમાં કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી હોત તો અંદાજપત્ર નગરના વેપારીઓ માટે પણ વધુ આવકારદાયક બની રહેતુ.

**વિપુલ સુખડીયા, વેપારી અગ્રણી**

# ગાંધીનગરમાં જામી બદલીની મોસમ

## જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાને સુરત મુકવામાં આવ્યા : પંચાયતની મહિલા બાળ વિકાસ યોજનામાં પણ બદલીનો દોર જિલ્લામાં ત્રણ અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાની ગઈકાલે મોડી રાત્રે બદલી કરવામાં આવી છે.

કોયાને સુરત જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે દેવભૂમિ દ્વારકાના જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે હિતેશ કોયાએ સારી ચાહના પ્રાપ્ત કરી હતી તેમજ વિકાસના કામો ઉપરાંત જિલ્લામાં સ્વભંડોળની આવક વધે તે માટે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ.

દરમ્યાન જિલ્લા પંચાયતના મહિલા-બાળ વિકાસના પ્રોજેક્ટ ઓફિસર આરતીબેનની બદલી કરવામાં આવી છે. તેમને દસક્રોઈ ખાતે મુકવામાં આવ્યા છે અને દસક્રોઈના બાળ વિકાસ યોજના અધિકારી દક્ષાબેન ચૌહાણને વર્ગ-૧માં બઢતી આપી ગાંધીનગર મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના બાળ વિકાસ યોજના અધિકારી શૈલાબેન શાહને પણ વર્ગ-૧માં બઢતી આપી વડી કચેરી ખાતે મુકવામાં આવ્યા છે. તેમજ દહેગામના બાળ વિકાસ યોજના અધિકારી ગીતાબેન ઠક્કરને બઢતી સાથે બદલી તાપી ખાતે કરાઈ છે.

## નાયબ મ્યુનિ. કમિશનર બારૈયા બદલાયા

ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ મ્યુનિ. કમિશનર જે.બી. બારૈયાની પણ બદલીના હુકમો કરવામાં આવ્યા છે. મનપાના નાયબ મ્યુનિ. કમિશનર બારૈયાની બદલી રાહત નિયામકની કચેરીના ફ્લાઈંગ સ્કવોડમાં કરવામાં આવી છે. બારૈયાના સ્થાને અમદાવાદ કલેક્ટર કચેરીમાં પ્રોટોકોલ અધિકારી તરીકે ફરજો બજાવતા બી.કે. જોશીની નિમણુંક કરવામાં આવી છે.

## ગાંધીનગર પ્રાંત અધિકારી અને પ્રોટોકોલ ડે. કલેક્ટરની બદલી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના પ્રાંત અધિકારી તેમજ પ્રોટોકોલ ડે. કલેક્ટરની બદલીના હુકમો થતાં વહીવટીતંત્રમાં સન્નાટો છવાઈ જવા પામેલ છે.

રાજયના મહેસુલ વિભાગે આજે કરેલા હુકમમાં ગાંધીનગરના પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈને અમદાવાદમાં પ્રોટોકોલ ડે. કલેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે.

જયારે ગાંધીનગર કલેક્ટર કચેરીમાં પ્રોટોકોલ અધિકારી તરીકે ફરજો બજાવતા હર્ષ યાદવની બદલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ભાવનગર તરીકે કરવામાં આવી છે.

ગાંધીનગર પ્રાંત અધિકારી તરીકે જામનગર જિલ્લામાં ફરજો બજાવતા જે.એમ. ભોરણીયાની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં પ્રોટોકોલની ડે. કલેક્ટરની જગ્યા ખાલી રાખવામાં આવી છે. જિલ્લામાંથી થયેલી બદલીનો દોર આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

મહેસુલ વિભાગે બદલીના પ્રથમ રાઉન્ડમાં ૨૨ જેટલા ડે. કલેક્ટરોની બદલીના હુકમો જારી કર્યા છે જે નોંધનીય છે.

# ગુડા વિસ્તારના વિકાસ માટે નવા વર્ષમાં ૩૨૯ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૧

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં નવા વર્ષ ૨૦૧૯-૨૦નુ અંદાજ પત્ર રજુ કરાયુ હતુ જેમાં ખર્ચના અંદાજ રજુ કરાયા હતા. વર્ષાન્તે ૧૬૮.૧૨ કરોડની પુરાંત વાળુ આ બજેટ રજુ કરાયુ હતુ. ગુડા વિસ્તારમાં નવા વર્ષ આયોજન કરાયુ છે. આ અન્વયે ૬૦ કરોડ રોડ રસ્તા અને ૧૪૪ કરોડ રૂપિયા રહેણાંક આવાસોના નિર્માણ માટે ઉપયોગમાં લેવાશે.

**ગુડાના અંદાજપત્રમાં માર્ગ નિર્માણ માટે ૬૦ કરોડ : રહેણાંક માટે રૂ ૧૪૪ કરોડ જયારે ૧૩ કરોડના ખર્ચે ગુડાનુ નવુ ભવન પણ બનશે**

શરૂઆતની પુરાંત ૨૨૧.૭૦ કરોડ તથા ૨૭૫.૪૩ કરોડની કુલ આવક અને ૩૨૯.૧ કરોડના દરમિયાન વિવિધ વિકાસ કામો તેમજ માળખાગત સુવિધાના કામો માટે ૩૨૯ કરોડના ખર્ચનુ જયારે ૧૩ કરોડના ખર્ચે ગુડાનુ નવુ ભવન બાંધવા માટે પણ બજેટમાં આયોજન કરાયુ છે.

કેન્દ્ર સરકારની સાથે ગુડાએ પણ આજે બાર્ડ બેઠકનુ આયોજન કર્યુ હતુ.વર્ષ ૨૦૧૯ -૨૦ નુ અંદાજપત્ર રજુ કર્યુ હતુ. જેમાં ૧૬૮.૧૨ કરોડની પુરાંતવાળા બજેટમાં નવા ગાંધીનગરને અનુલક્ષી અનેકવિધ કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બજેટ અન્વયે માર્ગ નિર્માણની કામગીરી માટે રૂ ૬૦ કરોડની

● અનુસંધાન પાન-૭ પર



**ભર શિયાળે આંબે આવ્યા મોર....**

હાડ થિજાવતી ઠંડીએ લોકોને હચમચાવી મુક્યા છે, ત્યારે બીજી તરફ ઉનાળાની ઋતુમાં આવતું શ્રેષ્ઠ ફળ કેરી બને તે પહેલાં આંબે આવતો મોર જોવા મળી રહ્યો છે. કડકડતી ઠંડીમાં ગ્રીષ્મ ઋતુનો નજારો એ ગ્લોબલ વોર્મિંગના પરિણામે ઉભી થયેલી પરિસ્થિતિ હોવાનું લોકોનું કહેવુ છે. જો કે ભલે આંબે મોર વહેલો આવી ગયો હોય છતાં પણ કેરી તો સમયે જ આંબા ઉપર બેસશે તેવુ ખેડૂત વર્ગ જણાવી રહ્યો છે. આંબે આવેલા મોરથી તેની સુંદરતામાં વધારો થઈ આકર્ષક લાગી રહ્યો છે. ઉનાળાની ઋતુનુ શ્રેષ્ઠ ફળ લોકો માટે અતિપ્રિય ફળ હોવાથી કેરીની આતરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે આંબે આવેલા મોરથી ઠંડીથી છુટકારો મળશે અને ધીમે પગલે ઉનાળાનું આગમન થશે તેવો આશાવાદ લોકોમાં ઉભો થયો છે.

## છેલ્લે.. છેલ્લે..

- ● રાજયમાં સ્વાઈન ફ્લુથી વધુ ૩ના મૃત્યુ : મૃત્યુઆંક ૩૪ પર પહોંચ્યુ : નવા ૪૨ કેસ નોંધાયા
- ● ઠંડીમાં ધરખમ ઘટાડો : ગાંધીનગરમાં લઘુત્તમમાં પાંચ ડીગ્રી વધ્યુ : નાગરિકોએ રાહત અનુભવી.
- ● ડુંગળીના ભાવ ગગડતા ખેડૂતોને ભારે નુકશાન.
- ● સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિપદે નીતિનકુમાર પેથાણીની નિમણુંક
- ● રાજયના ૧ કરોડ વીજ વપરાશકારો પર બોજો : જીયુવીએનએલે ફ્યુઅલ સરચાર્જમાં ૨૮ પૈસાનો વધારો કર્યો : ટોરેન્ટ પ્રતિ યુનિટ ૨ પૈસાનો વધારો કર્યો.
- ● દાહોદના રીલાયન્સ પેટ્રોલપંપ પર લૂંટ : ઘટના સીસીટીવીમાં કેદ
- ● મહુવામાં ખેડૂતો પર દમન ગુજારનાર તમામ પોલીસકર્મીઓ પર એફઆરઆઈ નોંધવા હાઈકોર્ટનો આદેશ.
- ● હાઈકોર્ટમાં સતત બીજા દિવસે ઉડાઉ જવાબ આપવા બદલ રાજયસભાના પરાજીત ઉમેદવાર બળવંતસિંહ રાજપૂતને ઠપકો આપ્યો હતો.
- ● કુખ્યાત ગેંગસ્ટર રવી પૂજારીની ઈસ્ટ આફ્રિકાથી ધરપકડ : ગુજરાત એટીએસ છેલ્લા કેટલાય સમયથી રવી પૂજારીને ઝડપી લેવા સક્રિય હતી.
- ● કડાણા કેનાલમાં લીકેજથી ખેડૂતોને ભારે નુકશાન : ૫૦ હેક્ટર વિસ્તારમાં પાણી ફરી વળ્યા.
- ● ગુજરાતના આંદોલનના બે નેતાઓ હાર્દિક પટેલ અને જીજ્ઞેશ મેવાણી લોકસભાની ચૂંટણી અપક્ષ ઉમેદવાર તરીકે લડે તેવી સંભાવના

# સેક્ટર-૧૬માંથી સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ મળતાં શહેરમાં આ સીઝનના કુલ કેસોની સંખ્યા ૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૬માંથી આ કેસ મળી આવેલ છે. સે. ૧૬ના એક ૫૩ વર્ષીય પુરૂષને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ દર્દીની સ્થિતિ હાલ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી છુટા છવાયા કેસો મળી રહ્યા છે તે તંત્રની ચિંતાનો વિષય બન્યા છે. શહેરમાં આ વખતે ૫૦થી વધુ આયુ ધરાવતા દર્દી વધુ મળ્યા છે જે નોંધનીય છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરવામાં આવી રહ્યુ છે પણ કોઈ શંકાસ્પદ કેસ નહિ મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

ઠંડીના વધતા પ્રકોપને લઈ આ કેસો ઝડપથી વધી રહ્યા છે તેમજ તંત્રએ પણ પરિસ્થિતિ પર અર્બન હેલ્થના અધિકારીઓને સતર્ક રહી નજર રાખવા જણાવ્યુ છે. આ ઉપરાંત સર્વેલન્સ અંગે પણ સઘન કામગીરી પર ભાર મુકવામાં આવ્યો છે. શરદી-કફના દર્દીઓમાં થઈ રહેલા વધારાને ધ્યાને રાખી કેટેગરી વાઈઝ સ્કુટીની કરી અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પુરી પાડવા પણ જણાવવામાં આવ્યુ છે.

અગાઉ સે. ૩, ૨૦ અને ૮માંથી કેસ મળ્યા બાદ હવે સે. ૧૬માંથી આ કેસ મળેલ છે.

# ધોરણ- ૨ ના ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવાઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં આજથી બે દિવસ માટે ધો. ૨ ના વિદ્યાર્થીઓની નિદાન કસોટી હાથ ધરવામાં આવેલ છે.

જિલ્લામાં ધોરણ- ૨માં ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. આ નિદાન કસોટી સરકારે મિશન વિદ્યા પછી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો તેના અનુસંધાને યોજાઈ રહી છે.

આ નિદાન કસોટીમાં વાંચન, લેખન અને ગણનનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે. આ માટે વિદ્યાર્થી દીઠ અલગ આન્સર શીટ અને પ્રશ્નો અંગે માર્ગદર્શિકા પણ સરકારે તૈયાર કરી આપી છે.

આ બાળકોની ૩૧ અને ૧લી ફેબ્રુઆરી સુધીમાં કસોટી યોજી ૫મી ફેબ્રુઆરી સુધીમાં અને કસોટીની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

શ્રુતલેખનમાં શબ્દો લખવાના રહેશે આ પછી વ્યક્તીગત કસોટી શિક્ષક દ્વારા લેવામાં આવશે. આ માટેના માર્કિંગ માટે કોડ પદ્ધતિ પણ નિયત કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે વિદ્યાર્થી ગુજરાતી વાંચન, લેખન તેમજ ગણિતનું સાદુ સંખ્યાજ્ઞાન, સરવાળા-બાદબાકી ધો. ૨ના અભ્યાસના અંતે મેળવી લે તે અપેક્ષિત છે. જો વિદ્યાર્થી બીજા ધોરણ સુધીમાં આટલુ શીખી જાય તો એને આગળના ધોરણોમાં

● અનુસંધાન પાન-૭ પર


દુકાન વેચવાની છે

પેથાપુર પ્રણામ સ્કેવરમાં ગ્રાઉન્ડ ફલોરમાં 160Sq. feet ફુલ ફર્નિચર, કાઉન્ટર ટેબલ સાથે, દુકાન (ગારમેન્ટ લાયક) વેચવાની છે.

મો. ૯૫૫૮૩ ૭૯૦૨૧ ૭૫૬૭૪ ૮૩૯૦૨

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com